છે, તેથી આ ૧૨મા ભાગનું નામ 'સ્યાદ્વાદતુંબ' રખાયું છે. જૈનસાહિત્યમાં ૭૦૦ નયોના સંગ્રહવાળું 'સપ્તશતારચક્ર' હતું, જેમ આ ૧૨ નયોના સંગ્રહવાળું 'દ્વાદશાર નયચક્ર' છે. આચાર્ય મલ્લવાદીએ આ નયચક્રમાં પૂર્વેનાં–પ્રાચીન દર્શનોથી લઈ પોતાના સમય સુધીના મતોનું તલસ્પર્શી સ્વરૂપ વર્ણવી, તેની માર્મિક સમાલોચના કરી છે. નય અને સ્યાદ્વાદ દર્શનનું વિવેચન કરનાર સંસ્કૃત ભાષાનો આ અદ્ભુત–અનુપમ ગ્રંથ છે. વર્તમાનમાં આ ગ્રંથ મૂળસ્વરૂપે મળતો નથી. આચાર્ય શાંતિસૂરિ, મલ્લધારી શ્રી હેમચંદ્રસૂરિ અને કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના ગુરુભાઈ આચાર્ય પ્રદ્યુમ્નસૂરિના પટ્ટધર આચાર્ય ચંદ્રસેનસૂરિના સમય સુધી આ ગ્રંથ વિદ્યમાન હતો. વિ. સં. ૧૩૩૪ પહેલાં તે વિલુપ્ત થઈ ગયો. એટલે વર્તમાનમાં આ ગ્રંથ મૂળ સ્વરૂપે મળતો નથી; પણ તેના ઉપર આચાર્ય સિંહસૂરગણિ વાદી ક્ષમાશ્રમણકૃત 'નયચક્રવાલ' અપરનામ 'ન્યાયગમાનુસારિણી' નામની ૧૮ હજાર શ્લોકપ્રમાણ સંસ્કૃત ચૂર્ણિ–ટીકા મળે છે અને મહો૦ યશોવિજયજીએ તેનો આદર્શ પાઠ તૈયાર કરેલ છે તે મળે છે. તે પરથી આ ગ્રંથની મહત્તા અને ગ્રંથકર્તાની વાદશક્તિનો વિશદ ખ્યાલ આવે છે. વર્તમાનમાં વિદ્યમાન વિદ્વદ્વર્ય શ્રી જંબૂવિજયજી મહારાજે ઘણું ઘણું સંશોધન કરી 'દ્વાદશાર નયચક્ર' ઉપર સારો એવો પ્રકાશ પાડતાં ગ્રંથનું સ્તુત્ય સર્જન કર્યું છે. )

આચાર્ય મલ્લવાદીના મોટાભાઈ મુનિ અજિતયશે વાદી શ્રીચંદ્રની પ્રેરણાથી 'પ્રમાણ' ગ્રંથ રચ્યો હતો અને વચલા ભાઈ યક્ષમુનિએ 'અષ્ટાંગનિમિત્તબોધની' સંહિતાનું નિર્માણ કર્યું હતું. વર્તમાનમાં આ ગ્રંથ અપ્રાપ્ય છે.

આચાર્યશ્રી હરિભદ્રસૂરિએ રચેલ 'અનેકાંત જયપતાકા'માં આચાર્ય મલ્લવાદીના ગ્રંથ 'સન્મતિતર્ક'માંથી ઘણાં અવતરણો ટાંકયાં છે. આથી આચાર્ય મલ્લવાદી શ્રી હરિભદ્રસૂરિ પહેલાં થયેલા સિદ્ધ થાય છે. આચાર્ય મલ્લવાદીસૂરિનો બૌદ્ધો સાથે શાસ્ત્રાર્થ વીરનિર્વાણ સં. ૮૮૪ (વિ. સં. ૪૧૪)માં થયો હતો, એ આધારે આચાર્ય મલ્લવાદીસૂરિ વીરનિર્વાણની નવમી (વિક્રમની પાંચમી) શતાબ્દીમાં થયેલા મનાય છે.

---

## આગમોદ્ધારક અને 'પ્રખર ભાષ્યકાર'ના લાડીલા નામથી પ્રસિદ્ધિ પામેલા બહુશ્રુત પરમ ગીતાર્થ

# આચાર્યશ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ

( શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ મહાશ્રુતધર આચાર્ય હતા. તેઓ જ્ઞાનના સાગર અને આગમવાણી પ્રત્યે અગાધ શ્રદ્ધાશીલ અને નિષ્ઠાવાન હતા. તેમનું ચિંતન સ્વતંત્ર નહિ, પણ આગમયુક્ત હતું. આચાર્યશ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે આગમને પ્રથમ સ્થાન આપ્યું. આગમનું આલંબન લઈ તેમણે યુક્ત અને અયુક્તની વિચારણા કરી. ઇતિહાસનાં પૃષ્ઠો પર આગમ-પરંપરાના પોષક આચાર્યોમાં શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનું નામ નોંધપાત્ર છે. )

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે પોતાના ગ્રંથોમાં ગુરુ-પરંપરાનો ઉલ્લેખ કર્યો નથી. અંકોટ્ટક ગામમાંથી પ્રાપ્ત થયેલી બે પ્રતિમાઓ પર કોતરેલા લેખમાં નિવૃત્તિકુળના આચાર્ય જિનભદ્રનો ઉલ્લેખ છે. આ ઉલ્લેખ ભાષ્યકાર શ્રી જિનભદ્રગણિ સાથે સંબંધવાળો જણાય છે. શ્રી જિનભદ્રગણિની પ્રસિદ્ધિ ક્ષમાશ્રમણ તરીકે છે, પરંતુ વાચક–ક્ષમા શ્રમણ વગેરે નામો એકાર્થ વાચક છે. પ્રસ્તુત પ્રતિમાના લેખના આધારે શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ નિવૃત્તિકુળના સિદ્ધ થાય છે. નિવૃત્તિકુળનો સમય શ્રી વજ્રસેનસૂરિના શિષ્ય નિવૃત્તિ સાથે છે. આથી શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ આર્ય સુહસ્તિસૂરિની પરંપરામાં થનારા વજ્રસેનશાખીય સંભવે છે.

(વલભીના જૈનભંડારમાં શ્રી જિનભદ્રગણિકૃત વિશેષાવશ્યક ભાષ્યની એક પ્રતિ પ્રાપ્ત થઈ છે તે શક સં. ૫૩૧ માં લખાઈ છે. એથી એ જિનભદ્રગણિનો વલભી સાથે કોઈ ને કોઈ પ્રકારનો વિશેષ સંબંધ હોય તેમ અનુમાન થાય છે. જેસલમેર ભંડારની વિશેષાવશ્યક ભાષ્યની એક પ્રતિના અંતમાં બે ગાથાઓ મળે છે તેમાં પણ વલભીનગરીનો ઉલ્લેખ મળે છે. જીતકલ્પ ચૂર્ણિકાર શ્રી સિદ્ધસેનગણિએ ચૂર્ણિની છ ગાથાઓમાં શ્રી જિનભદ્રગણિની ભાવપૂર્ણ શબ્દોમાં પ્રશંસા કરી છે, તેનો સાર આ પ્રમાણે છે: 'શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ અર્થાગમના ધારક હતા; યુગપ્રધાન હતા. જ્ઞાનીજનોમાં મુખ્ય હતા; દર્શનોપયોગ અને જ્ઞાનોપયોગના વિશિષ્ટ જ્ઞાતા હતા. સુવાસથી આકર્ષાઈ ને જેમ ભ્રમરો કમળને સેવે છે તેમ, જ્ઞાનરસના પિપાસુ મુનિઓ શ્રી જિનભદ્રગણિના મુખમાંથી નીકળેલા જ્ઞાનામૃતનું પાન કરવા સદા ઉત્સુક રહેતા. સ્વસમય-પરસમય આદિ વિવિધ વિષયો પર આપેલાં વ્યાખ્યાનોથી તેમનો યશ દશે દિશાઓમાં ફેલાયો હતો. તેમણે પોતાના બુદ્ધિબળથી આગમોનો સાર વિશેષાવશ્યક ભાષ્યમાં ગૂંથેલ છે. છેદસૂત્રોના આધારે પ્રાયશ્ચિત્તનાં વિધિ-વિધાન સંબંધી જીતસૂત્રની તેમણે રચના કરી છે. આ રીતે અનેક વિશેષતાઓના સ્વામી આગમવેત્તા સંયમશીલ ક્ષમાશ્રમણોના અગ્રણી જિનભદ્રગણિને હું નમસ્કાર કરું છું." શ્રી સિદ્ધસેનગણિના આ વર્ણનથી શ્રી જિનભદ્રગણિના વિશિષ્ટ વ્યક્તિત્વનો પરિચય મળે છે.

આગમના વ્યાખ્યાગ્રંથોમાં નિર્યુક્તિ બાદ ભાષ્યનો ક્રમ આવે છે. નિર્યુક્તિની જેમ ભાષ્ય પદ્યબદ્ધ પ્રાકૃતમાં છે. નિર્યુક્તિની અપેક્ષાએ ભાષ્ય અર્થને અધિક સ્પષ્ટ કરે છે. ઘણી વખત આગમોનો ગૂઢાર્થ સમજવામાં નિર્યુક્તિ અને નિર્યુક્તિના પારિભાષિક શબ્દોમાં ગૂંથાયેલા અર્થોને સ્પષ્ટ કરવા માટે ભાષ્યોની રચના થઈ છે. વર્તમાનમાં મુખ્યત્વે બે ભાષ્યકારોનાં નામ મળે છે: ૧. સંઘદાસગણિ અને ૨. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ. એ બે ભાષ્યકાર સિવાય ત્રીજા ભાષ્યકાર વ્યવહારભાષ્યના કર્તા અને ચોથા ભાષ્યકાર બૃહત્કલ્પ બૃહદ્ ભાષ્યના કર્તા છે.

ભાષ્યોની રચના નિર્યુક્તિઓ પર થઈ છે. કેટલાંક ભાષ્યોનો આધાર મૂળસૂત્ર પણ છે. નીચેના આગમગ્રંથો પર ભાષ્યો લખાયાં છે: ૧. આવશ્યક, ૨. દશવૈકાલિક, ૩. ઉત્તરાધ્યયન, ૪. બૃહત્કલ્પ, ૫. પંચકલ્પ, ૬. વ્યવહાર, ૭. નિશીથ, ૮. જીતકલ્પ, ૯ ઓઘનિર્યુક્તિ, ૧૦. પિંડનિર્યુક્તિ.

સંઘદાસગણિનાં બે ભાષ્ય મળે છે: ૧. બૃહત્કલ્પ લઘુભાષ્ય અને ૨. પંચકલ્પ મહાભાષ્ય.



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ વિશિષ્ટ ભાષ્યકાર હતા. ભાષ્યકારોમાં તેમનું સ્થાન અત્યંત મહત્ત્વપૂર્ણ છે. પછીના આચાર્યોએ અનેક વિશેષણો આપી તેમને ઉચ્ચ કોટિના ભાષ્યકાર રૂપે સ્મર્યા છે. આચાર્યશ્રી જિનભદ્રગણિના નવ ગ્રંથો મળે છે: ૧. વિશેષાવશ્યક ભાષ્ય, ૨. વિશેષાવશ્યક ભાષ્ય–ટીકા, (અપૂર્ણ), ૩. બૃહત્સંગ્રહણી, ૪. બૃહત્ક્ષેત્રસમાસ, ૫. સભાષ્ય વિશેષણવતી, ૬, નિશીથભાષ્ય, ૭. જીતકલ્પ ભાષ્ય, ૮. અનુયોગદ્વારચૂર્ણિ, ૯. ધ્યાનશતક. આ ગ્રંથોમાં અનુયોગદ્વારચૂર્ણિ ગદ્યાત્મક છે. બાકીની રચનાઓ પદ્યાત્મક છે. વિશેષાવશ્યક ભાષ્ય સ્વોપજ્ઞવૃત્તિ સંસ્કૃતમાં છે. બાકીની રચનાઓ પ્રાકૃતમાં છે. વિશેષાવશ્યક ભાષ્ય આચાર્ય જિનભદ્રગણિની પ્રાકૃત રચના છે. તેમણે તેના પર સંસ્કૃત ટીકા રચવાનો પ્રારંભ કર્યો હતો. છઠ્ઠા ગણધરના વક્તવ્યની ટીકા રચ્યા બાદ શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનો સ્વર્ગવાસ થઈ ગયો. આથી શ્રી કોટ્યાચાર્યે બાકીની ટીકા ૧૩૭૦૦ શ્લોકપ્રમાણ રચી તે ટીકા પૂર્ણ કરી.

આચાર્યશ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનો વીરનિર્વાણ સં. ૧૦૧૧ માં જન્મ, સં. ૧૦૨૫માં યુગપ્રધાનપદ અને સં. ૧૧૧૫ માં, ૧૦૪ વર્ષની વયે સ્વર્ગવાસ થયો હતો.

### વ્યાપક મહિમાવંતા 'ભક્તામર સ્તોત્ર' તેમ જ 'નમિઊણ સ્તોત્ર'ના કર્તા તથા મંત્રયુક્ત સ્તોત્રોની રચના દ્વારા શ્રી જિનશાસનની વિશિષ્ટ પ્રભાવના અને શ્રીસંઘની રક્ષા કરનારા

## આચાર્યશ્રી માનતુંગસૂરીશ્વરજી મહારાજ

સ્તોત્રકાવ્યોમાં 'ભક્તામર સ્તોત્ર'ની રચના ઉત્તમ છે, ભક્તિરસથી ભરપૂર ઝરણું છે. આ સ્તોત્રના રચયિતા આચાર્યશ્રી માનતુંગસૂરિ છે.

આચાર્યશ્રી માનતુંગસૂરિએ શ્વેતાંબર મુનિદીક્ષા અને દિગંબર મુનિદીક્ષા એમ બંને પ્રકારની દીક્ષા ગ્રહણ કરી હતી. પ્રભાવકચરિત્ર પ્રમાણે શ્વેતાંબર પરંપરામાં આચાર્ય માનતુંગસૂરિના ગુરુ શ્રી જિનસિંહસૂરિ અને દિગંબર પરંપરામાં તેમના ગુરુ ચારુકીર્તિ હતા.

આચાર્ય માનતુંગસૂરિનો જન્મ વારાણસીમાં થયો હતો. તેઓ બ્રહ્મક્ષત્રિય શ્રેષ્ઠી ધનદેવના પુત્ર હતા. તેમની બહેનનો સંબંધ વારાણસીનિવાસી શેઠ લક્ષ્મીધર સાથે થયો હતો. લક્ષ્મીધર શેઠ આસ્તિકજનોમાં અગ્રેસર હતા. માનતુંગના કુટુંબીજનો ધાર્મિક સંસ્કારોથી સમ્પન્ન હતા. પિતા ધનદેવ પાસેથી તેમને સારા એવા ધાર્મિક સંસ્કારો પ્રાપ્ત થયા હતા. જૈન દિગંબર મુનિઓનું પ્રવચન સાંભળી માનતુંગને સંસાર પર વૈરાગ્ય થયો. માતા-પિતાની અનુમતિ લઈ આચાર્ય ચારુકીર્તિ પાસે દિગંબર મુનિદીક્ષા ગ્રહણ કરી. દીક્ષાજીવનમાં તેમનું નામ મહાકીર્તિ રાખવામાં આવ્યું. મુનિચર્યામાં સંજોગ મહાકીર્તિ એક દિવસ લક્ષ્મીધર શેઠને ઘેર ગોચરીએ ગયા. લક્ષ્મીધર શેઠની પત્ની માનતુંગની બહેન હતી. તે શ્વેતાંબર પરંપરાને માનતી હતી. તેણે મુનિ મહાકીર્તિ સમક્ષ શ્વેતાંબર મુનિચર્યાનું વર્ણન કર્યું. બહેનની પ્રેરણાથી સત્યમાર્ગની

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org